સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો.
-----------------------------------------
બીજી નવી જાતિઓનો સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-સશપ/૧૧૯૬૫/ખા.૧૦૭(૬૬)/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૦-૯-૧૯૬૬.

વંચાણમાં લીધા:-

(૧) મજૂર,સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના
તા. ૧/૪/૭૮ના ઠરાવ ક્રમાંક:-બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/છ.
(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૮/૩/૬૩નો ઠરાવ
ક્રમાંક:-સશપ/૧૧૯૬૩/ખા.૧૦૨/અ.
(૩) સમાજ કલ્યાણ વિભાગના તા. ૨૩/૨/૬૪નો ઠરાવ
ક્રમાંક:-સશપ/૪૩૬૪/૧૯૧/અ.
(૪) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૪/૫/૬૪નો ઠરાવ
ક્રમાંક:-સશપ/૪૩૬૪/૧૯૧/અ.
(૫) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૨/૭/૬૪નો ઠરાવ
ક્રમાંક:-સશપ/૪૩૬૪/૧૯૧/અ.
(૬) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૨/૭/૬૪નો ઠરાવ
ક્રમાંક:-સશપ/૪૩૬૪/૧૯૧(૧)/અ.
(૭) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૨૫/૭/૬૪નો ઠરાવ
ક્રમાંક:-સશપ/૧૧૯૬૪/૧૪૧૧/અ.
(૮) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૯/૧૨/૬૫નો ઠરાવ
ક્રમાંક:-સશપ/૧૧૯૬૫/મુમ. ૧૪૧/અ.

ઠ રા વ :-

આ વિભાગના તા. ૧૮/૩/૬૩ના ઠરાવથી (વંચાણમાં લીધા ક્રમાંક-૨) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સુધારો વધારો કરવા માટે અન્ય પછાત વર્ગો માટેના પંચની રચના કરવામાં આવેલ. આ પંચ દ્વારા 'જોગી' તથા 'ભવૈયા(મુસ્લિમ)'જાતિઓનો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવેશ કરવાની ભલામણ કરતા અહેવાલો સરકારશ્રીમાં રજૂ કરેલ. આ અહેવાલો અંગે રાજ્યના મંત્રીમંડળની બેઠકમાં થયેલ ચર્ચા-વિચારણાને અંતે ''જોગી'' તથા ''ભવૈયા(મુસ્લિમ)''જાતિઓનો રાજ્યની હાલની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની હાલની યાદીમાં નીચે મુજબના

...૨....

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગને
જાતિ પ્રમાણપત્રો બાબત..

૧. 'ઉન્નત વર્ગો'માં સમાવેશ થતો નથી.
તે મુજબનું પ્રમાણપત્ર.
૨. જાતિની ખરાઇ આધારિત જાતિ પ્રમાણપત્ર.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:-સશપ/૧૪૯૬/૪૧૯/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૧/૪/૧૯૯૬.

પરિપત્ર :-

રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને હાલ નીચે મુજબના હેતુઓ માટે જાતિ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

૧. રાજ્ય સરકારની નોકરીઓ તેમજ સેવાઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ દરમ્યાન અનામતનો લાભ મેળવવાના હેતુ માટે તેમનો સમાવેશ 'ઉન્નત વર્ગો'માં થતો નથી, તે મુજબનું પ્રમાણપત્ર.
૨. રાજ્ય સરકાર તરફથી મળતા અન્ય લાભો માટે માત્ર જાતિની ખરાઇ આધારિત જાતિ પ્રમાણપત્ર.

રાજ્ય સરકારને અવારનવાર રજૂઆતો મળતી રહેલ છે કે સક્ષમ અધિકારીઓ દ્વારા આવાં જાતિ પ્રમાણપત્રો સમય મર્યાદામાં મળતાં હોતાં નથી, તેમજ એવા પુરાવાઓ રજૂ કરવા જણાવવામાં આવે છે. જે એકત્ર કરવામાં/રજૂ કરવામાં સારો એવો સમય જાય છે. કેટલીક જગાએ માત્ર સમાજ કલ્યાણ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્રો જ આગ્રહ રાખવામાં આવે છે.

અલબત્ત ઉપરોક્ત પ્રકારની ફરિયાદો ઉદ્ભવે નહીં તે માટે અગાઉ અત્રેથી સૂચનાઓ અપાયેલ છે જ. આમ છતાં નીચે મુજબ પુનઃસૂચનાઓથી ધ્યાન દોરવામાં આવે છે.

૧. જે અધિકારીઓને જાતિ પ્રમાણપત્ર આપવા સક્ષમ અધિકારી જાહેર કરેલા છે તે પૈકી કોઈ પણ અધિકારીએ આપેલ પ્રમાણપત્રની અધિકૃતતા એક સરખીજ છે એટલે માત્ર સમાજ કલ્યાણ અધિકારી ધ્વારા અપાયેલ પ્રમાણપત્રનો આગ્રહ રાખવો નહીં.

૨. જો કોઈ જાતિ પ્રમાણપત્ર ખોટી રીતે અથવા શંકાસ્પદ રીતે અપાયેલ હોવાનું જણાય તો જે તે સત્તાવાળાઓએ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા સાથે પરામર્શ કરવો. જો કોઈ પ્રમાણપત્ર શંકાસ્પદ અથવા ખોટી રીતે અપાયેલ હોય તેમ જણાય તો તેને રદ કરવાની તથા સબંધીત વ્યક્તિ સામે કાયદાકીય કાર્યવાહી કરવાની સત્તાઓ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણને તા. ૬-૧-૯૫ના ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૪૯૪/૨૦૨૦/અ.થી આપવામાં આવેલ છે.

૩. ''ઉન્નત વર્ગો''માં સમાવેશ થતો નથી તે મુજબનું પ્રમાણપત્ર વધુમાં વધુ ૩૦ દિવસમાં અપાઈ જાય તે જોવા દરેકને વિનંતી છે.

જ્યારે જાતિની ખરાઈ આધારિત પ્રમાણપત્ર આપવા માટે કોઈ સમય મર્યાદા નિયત થયેલ નથી. આમ છતાં અરજદારોને સત્વરે તેમજ સરળતાથી જાતિ પ્રમાણપત્ર મળી રહે અને અરજદારો તરફથી તે વિલંબ અંગેની ફરિયાદ ન થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવી. અમુક ચોક્કસ દિવસો પણ આ માટે મુકરર કરી શકાય.

૪. જાતિ પ્રમાણપત્ર માટેની અરજીપત્રક સાથે ક્યા પ્રકારના પુરાવા રજુ કરવા તે બાબતે સક્ષામ અધિકારીની વિવેક બુધ્ધિ પર આધારિત છે. આમ છતાં ક્યા પ્રકારના પુરાવાઓ જરુરી છે તે દર્શાવતી સુચનાઓ જાહેર નોટીસ બોર્ડ ઉપર મુકવી તેમજ અરજદારને વ્યક્તિગત કિસ્સામાં સંતોષકારક માર્ગદર્શન પણ આપવું.

૫. જે અધિકારીઓને સક્ષામ અધિકારી જાહેર કરેલ છે તે પૈકી કોઈપણ અધિકારીએ આપેલ પ્રમાણપત્રની અધિકૃતતા એક સરખી જ હોવાથી અરજદાર જે સક્ષામ અધિકારી સક્ષામ અધિકારી સમક્ષ

સમાજ કલ્યાણ નિરીક્ષકો માટે
ફર્નીચરની ખરીદી અંગે.......
............
વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ..

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
સુધારા ક્રમાંક:-સશપ/૧૫૯૪/૧૪૦૬/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૭-૩-૧૯૯૬.

વંચાણમાં લીધા:-(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા.૪/૯/૯૫નો ઠરાવ ક્રમાંક:-સશપ/૧૫૯૪/૧૪૦૬/અ.
(૨) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાનો તારીખ:-૨૬/૩/૯૬નો પત્ર નંબર:-વિજાક/મકમ/૯૫-૯૬/૩૭૭.

સુધારો:-

આમુખ ક્રમાંક-(૧)માં દર્શાવેલ આ વિભાગના તા.૪-૯-૯૫ના ઠરાવ ક્રમાંક:-સશપ/૧૫૯૪/૧૪૦૬/અ.થી સમાજ કલ્યાણ નિરીક્ષકો માટે રૂ.૧.૧૦ લાખના ખર્ચે ફર્નીચર ખરીદવાની ખાસ કિસ્સા તરીકે મંજૂરી આપવામાં આવી છે. આ ફર્નીચરમાં ''તિજોરી-૧, રેક-૧, ટેબલ-૧, ખુરશી-૧,'' આઈટમ દર્શાવેલ છે. સદર આઈટમ પૈકીની ''તિજોરી-૧'' આઈટમનો શરતચૂકથી ઉલ્લેખ થયેલ હોઈ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.વી.સુથાર)
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે સમાજ કલ્યાણ અધિકારી, (વિ.જા.).
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ, અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારી, ગાંધીનગર.
- બજેટ શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઈલ.

પટેલ//૨૭૩૯૬/